સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રમાંથી માહે એપ્રિલ
-૨૦૧૬ થી જુન -૨૦૧૬ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૩ અને ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ)
(આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૬ /૮૩૧/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૮-૦૪-૨૦૧૬

વંચાણે લીધો –

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૬ ના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:- બીયુડી/૧૦૨૦૧૬/૨૦૨/છ

યાદી : -

આમુખમાં ઉપર દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઠરાવથી એપ્રિલ -૨૦૧૬ થી જુન -૨૦૧૬ સુધીના સમય માટે માંગણી ક્રમાક-૯૬ મુખ્ય સદર-૪૨૧૫ સ્પેશિયલ પ્રોવિઝન – આદિવાસી વિસ્તારોમાં ગુજરાત પેટર્નના કામોનાં અમલીકરણની કામગીરીમાં ખર્ચ કરવા પાણી પુરવઠા પ્રભાગને રૂ.૧૮.૫૦ કરોડ (અંકે રૂપિયા અઠાર કરોડ પચ્ચાસ લાખ પુરા) તેમજ માંગણી ક્રમાંક ૯૩, મુખ્ય સદર ૨૨૧૫માં રૂ.૦.૫૦ કરોડ (અંકે રૂપિયા પચ્ચાસ લાખ પુરા ) ની ગ્રાન્ટ ફાળવેલ છે.જે નીચે જણાવેલ વિગતવાર સદરોએ ફાળવવા એકાઉન્ટ ઓફિસર, કમિશ્નર ઓફ ટ્રાયબલ ડેવલોપમેન્ટ, ગાંધીનગરને હવાલે મુકવામાં આવે છે.

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | | એપ્રિલ ૨૦૧૬ થી જુન -૨૦૧૬ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | **માંગણી ક્રમાંક - ૯૩ (આયોજન હેઠળ)** | | | |
| ૧ | મુખ્ય સદર - | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા | ૫૦ | અંકે રૂપિયા પચ્ચાસ લાખ પુરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૮૦૦ અન્ય ખર્ચ | | |
| | પેટા સદર - | ૦૧ ડબલ્યુ. એસ.એસ.-૪૭ આદિજાતિ પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઈ | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન | | |
| | હેડ ચાર્જેબલ - | ૨૨૧૫ ૦૧ ૮૦૦ ૦૧ | | |
| | સ્કીમ કોડ - | ૧૨૭૨૭૭ | | |
| | **માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ)** | | | |
| ૨ | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ | ૧૮૫૦ | અંકે રૂપિયા અઠાર કરોડ પચ્ચાસ લાખ પુરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા સદર - | ૦૧ આદિજાતિ પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઈ | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ – | ૪૨૧૫ ૦૨ ૭૯૬ ૦૧ | | |
| | સ્કીમ કોડ - | ૧૨૨૭૫૧ | | |
| | | કુલ સરવાળો (માંગણી ક્રમાંક ૯૩ અને ૯૬) | ૧૯૦૦ | |

શરતો :-

1. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૬-૧૭ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ કમિશ્નર, આદિજાતિ વિકાસ એ કરવાના રહેશે.

4. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર પાણી પુરવઠા પ્રભાગની જાણ હેઠળ એ.જી. કચેરી, રાજકોટને બરોબારને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
5. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
6. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
7. આમુખમાં દર્શાવેલ આદિજાતિ વિકાસ વિભાગ ના તા.૧૩-૦૪-૨૦૧૬ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

1. ખાસ ફરજ પરના અધિકારી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર ૧૦, ગાંધીનગર.
3. એકાઉન્ટ ઓફિસર, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન, સેક્ટર ૧૦, ગાંધીનગર.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. નાયબ સેક્શન અધિકારી.
૭. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને પાણી પુરવઠા પ્રભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૮. પસંદગી ફાઈલ.